રાજ્યમાં નવી ૧૦૩ સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવા અને આ શાળાઓ માટે જરૂરી મહેકમની મંજૂરી આપવા માટે સને ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે કરેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: સમશ-૧૦૧૮-૮૬-ગ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૪-૦૮-૨૦૧૮

વંચાણે લીધા -:

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૨૨-૩-૨૦૧૮ નો પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/ઘ.૧/૨૦૧૮/૬૪૩૩-૩૪.
(૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૨૨-૩-૨૦૧૮ નો પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/ઘ.૧/૨૦૧૮/૬૪૩૫-૩૬.
(૩) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૨૨-૩-૨૦૧૮ નો પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/ઘ.૧/નવી બાબત/૨૦૧૮/૬૬૩૨.
(૪) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૨૯-૫-૨૦૧૮ નો પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/ઘ.૧/૨૦૧૮/૧૦૦૨૭.
(૫) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૨૧-૭-૨૦૧૮ નો પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/અ.૧/૧૫૦૯૬.
(૬) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૨૧-૭-૨૦૧૮ નો પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/ઘ.૧/નવી બાબત/૨૦૧૮/૧૫૦૯૮.
(૭) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૨૧-૭-૨૦૧૮ નો પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/ઘ.૧/નવી બાબત/૨૦૧૮/૧૫૦૯૯.

ઠરાવ -:

રાજ્યના વર્ષ ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં બિન આદિજાતિ વિસ્તારમાં ૧૦૦ અને આદિજાતિ વિસ્તારમાં ૦૩ એમ કૂલ ૧૦૩ નવી સરકારી માધ્યમિક શાળાઓ માટે શિક્ષણ સહાયકોની કૂલ ૧૫૫, વહીવટી સહાયકોની ૧૦૩ અને સાથી સહાયકોની ૧૦૩ નવી જગ્યાઓ ઉભી કરવા માટે કૂલ રૂ.૭૬૩.૧૧ લાખની કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવા કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) સામેના તારીખ ૨૨-૩-૨૦૧૮ ના પત્રોથી દરખાસ્ત કરેલ. ત્યારબાદ કમિશ્નરશ્રી શાળાઓની કચેરીએ વંચાણે લીધા

ક્રમાંક (૩) સામેના તારીખ ૨૨-૩-૨૦૧૮ ના પત્રથી અગાઉ મોકલેલ ૧૦૩ શાળાઓની યાદીના બદલે નવેસરથી ૧૦૩ શાળાઓની નવી યાદી તૈયાર કરીને મોકલી આપેલ. નવી યાદી મુજબ વહીવટી મંજૂરી માટે નાણા વિભાગને ફાઇલ રજૂ કરતાં નાણા વિભાગે આ નવી યાદી મુજબની શાળાઓ માટે સરકારશ્રીની સૈધાંતિક મંજૂરી પુન: મેળવી લેવાની શરતે ઉપર જણાવ્યા મુજબ ૧૦૩ શાળાઓ માટે શિક્ષણ સહાયકોની કૂલ ૧૫૫, વહીવટી સહાયકોની ૧૦૩ અને સાથી સહાયકોની ૧૦૩ નવી જગ્યાઓ ઉભી કરવા માટે કૂલ રૂ.૭૬૩.૧૧ લાખની કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવામાં આવેલ.

નાણા વિભાગની સૂચના મુજબ ૧૦૩ શાળાઓની નવી યાદીની પુન: સૈધાંતિક મંજૂરી માટે સરકારશ્રીને રજૂ કરતાં ૧૦૩ સૂચિત સ્થળો પૈકી ના ૪૫ સ્થળોએ ચાલુ વર્ષે કેંદ્ર સરકાર દ્વારા નવી સરકારી માધ્યમિક શાળા RMSA ના બજેટમાં પણ મંજૂરી મળેલ હોવાથી આ ગામના નામો કમી કરી તેના સ્થાને લોકલાગણી, માન. ધારાસભ્યશ્રીઓ અને મહાનુભાઓની રજુઆતોના આધારે મળેલ રજુઆતો મુજબના ૨૯ સ્થળો અને નીચો ટ્રાંઝીસ્ટ રેટ અને ઉંચો ડ્રોપ આઉટ રેશિયો ધરાવતા દાહોદ અને નર્મદા જિલ્લાના કલેક્ટરશ્રી તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તરફથી મળેલ ૧૬ સ્થળો એમ કૂલ ૪૫ નવા સ્થળોનો ઉમેરો કરવાની સરકારશ્રીની મંજૂરી મળેલ. આ નવા ઉમેરાયેલા સ્થળો મુજબ નવી યાદી મોકલી આપવા કમિશ્નરશ્રી શાળાઓને જણાવવામાં આવતાં કમિશ્નરશ્રી શાળાઓની કચેરીએ વંચાણે લીધા ક્રમાંક (૪) અને (૫) સામેના અનુક્રમે તારીખ ૨૯-૫-૨૦૧૮ અને તારીખ ૨૧-૭-૨૦૧૮ ના પત્રોથી બિન આદિજાતિ વિસ્તારની ૮૬ અને આદિજાતિ વિસ્તારની ૧૭ એમ કૂલ ૧૦૩ શાળાઓની યાદી મોકલી અપેલ અને વંચાણે લીધા ક્રમાંક (૬) અને (૭) ના તારીખ ૨૧-૭-૨૦૧૮ ના પત્રોથી બિન આદિજાતિ વિસ્તારની ૮૬ શાળાઓ માટે ૧૨૯ શિક્ષણ સહાયકો, ૮૬ વહીવટી સહાયકો અને ૮૬ સાથી સહાયકોની નવી જગ્યાઓ માટે રૂ.૬૩૬.૧૧ લાખની તથા આદિજાતિ વિસ્તારની ૧૭ શાળાઓ માટે ૨૬ શિક્ષણ સહાયકો, ૧૭ વહીવટી સહાયકો અને ૧૭ સાથી સહાયકોની નવી જગ્યાઓ માટે રૂ.૧૨૬.૯૯ લાખની વહીવટી મંજૂરી આપવા બાબતે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે આ સાથે સામેલ પરિશિષ્ટ (૧) મુજબની બિન આદિજાતિ વિસ્તારની ૮૬ અને આદિજાતિ વિસ્તારની ૧૭ એમ કૂલ ૧૦૩ સરકારી માધ્યમિક શાળાઓને શરૂ કરવાની અને વર્ષ ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં ઇડીએન ૧૯ હેઠળ કૂલ ૧૦૩ નવી સરકારી માધ્યમિક શાળાઓ માટે નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની નવી જગ્યાઓ માટેની કૂલ રૂ.૭૬૩.૧૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| વિસ્તાર | માંગણી નં. | બજેટ સદર | શાળાઓની સંખ્યા | શિક્ષણ સહાયકોની સંખ્યા | વહીવટી સહાયક જુનિયર ) (ક્લાર્ક | સાથી સહાયક -પટાવાળા) આઉટ (સોર્સીંગથી | કુલ રકમ (લાખમાં.રૂ) |
|---|---|---|---|---|---|---|---|
| બિન આદિજાતિ વિસ્તાર | ૦૯ | ૨૨૦૨-૦૨-૧૦૯-૦૧ | ૮૬ | ૧૨૯ | ૮૬ | ૮૬ | ૬૩૬.૧૧ |
| આદિજાતિ વિસ્તાર | ૯૬ | ૨૨૦૨-૦૨-૭૯૬-૦૫ | ૧૭ | ૨૬ | ૧૭ | ૧૭ | ૧૨૬.૯૯ |
| | | કુલ | ૧૦૩ | ૧૫૫ | ૧૦૩ | ૧૦૩ | ૭૬૩.૧૦ |

<u>શરતો:-</u>

(૧) આ નવી શાળાઓ માટે અલગ જમીન/મકાન ની સુવિધા આપવાની રહેશે નહીં. પરંતુ ગામની હયાત પ્રાથમિક શાળાના મકાનમાં બીજી શિફ્ટમાં સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવાની રહેશે.

(૨) આ હુકમોથી મંજૂર કરવામાં આવનાર સરકારી માધ્યમિક શાળાઓમાં સરકારશ્રી તરફથી વખતોવખત નક્કી કરવામાં આવેલ નિયત નોર્મ્સ મુજબની જગ્યાઓ મંજૂર કરવામાં આવે છે, અને તે અંગેની આગળની કાર્યવાહી નિયામકશ્રી શાળાઓની કચેરી દ્વારા હાથ ધરવાની રહેશે.

(૩) સરકારી માધ્યમિક સુચારૂ રીતે શરૂ થાય તે માટેનું મોનીટરીંગ નિયામકશ્રી શાળાઓની કચેરીએ કરવાનું રહેશે.

(૪) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ અનામત નીતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૫) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત થતા કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૭) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૮) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૯) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતનો અમલ કરવાનો રહેશે.

(૧૦) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૧) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૧૩) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તારીખ ૧૬-૦૬-૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૦૪-૦૬-૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૧૪) કમિશ્નરશ્રી શાળાઓની કચેરીએ ડ્રાઇવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૦૧-૦૪-૨૦૧૦ના ઠરાવની જોગવાઈ મુજબ મંજુર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

(૧૫) જે તે જગ્યાઓના પગાર ધોરણે આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ? તે ખાતરી કરી લેવાની જવાબદારી કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીની રહેશે.

(૧૬) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તારીખ ૧૮-૦૩-૨૦૦૫ના ઠરાવ ક્રમાંક : નપન / ૨૦૦૩ / જીઓઆઇ / ૧૦(પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તારીખ ૦૧-૦૪-૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૭) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૮) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૯) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૨૦) રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૨૧) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પુરી થતાં પહેલાના એક માસ અગાઉ વિભાગને રજુ કરી જગ્યા વધુ સમય સુધી ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૬-૮-૨૦૧૮ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એમ.પુરોહિત)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી.
- સિલેક્ટ ફાઈલ.

શિક્ષણ વિભાગના તારીખ ૧૪-૦૮-૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક :સમશ-૧૦૧૮-૮૬-ગ.૧નું બિડાણ

## પરિશિષ્ટ-૧

સરકારી માધ્યમિક શાળાઓ (કુલ ૧૦૩ શાળાઓ)

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામનું નામ |
|---|---|---|---|
| (૧) | (૨) | (3) | (૪) |
| **બિન આદિજાતિ વિસ્તાર** | | | |
| ૧ | અમદાવાદ | વિરમગામ | ઘોડા |
| ૨ | અમદાવાદ | માંડલ | નાના ઉભડા |
| 3 | અમદાવાદ | બાવળા | દેવથલ |
| ૪ | અમદાવાદ | વિરમગામ | વંથાલ |
| ૫ | અમદાવાદ | ધોળકા | ધોળકા શહેર |
| ૬ | અમદાવાદ | ધોળકા | લોલિયા |
| ૭ | અમદાવાદ | દસક્રોઈ | કુજાડ |
| ૮ | અમદાવાદ | સાણંદ | નવાપુરા |
| ૯ | આણંદ | બોરસદ | ખેડાસા |
| ૧૦ | અમરેલી | જાફરાબાદ | રોહિસા |
| ૧૧ | અમરેલી | સાવરકુંડલા | આડસણ |
| ૧૨ | અમરેલી | બાબરા | કરિયાણા |
| ૧૩ | અમરેલી | અમરેલી | ખાંભા |
| ૧૪ | અમરેલી | જાફરાબાદ | નવી જીકાદરી |
| ૧૫ | અમરેલી | સાવરકુંડલા | ઘોબા |
| ૧૬ | બનાસકાંઠા | દાંતીવાડા | ભાડલી (ઝાટ) |
| ૧૭ | બનાસકાંઠા | થરાદ | રાજકોટ |
| ૧૮ | બનાસકાંઠા | પાલનપુર | રણાવાસ |
| ૧૯ | બનાસકાંઠા | ધાનેરા | વાંછદાલ |
| ૨૦ | બનાસકાંઠા | ડીસા | વાસડા |
| ૨૧ | બનાસકાંઠા | થરાદ | વળાદર |
| ૨૨ | બનાસકાંઠા | ડીસા | વાસણા (ગોળીયા) |
| ૨૩ | બનાસકાંઠા | લાખણી | લાલપુર |
| ૨૪ | ભરૂચ | અંકલેશ્વર | ઉમરવાડા |
| ૨૫ | ભરૂચ | અંકલેશ્વર | ભારણ |
| ૨૬ | ભરૂચ | વાગરા | કલાદરા |
| ૨૭ | ભાવનગર | શિહોર | પીપરળી |
| ૨૮ | ભાવનગર | જેસર | કોબડીયા |

| | | | |
|---|---|---|---|
| ૨૯ | ભાવનગર | વલભીપુર | જુના – રતનપુર |
| ૩૦ | ભાવનગર | ઘોઘા | પાણીયાળા |
| ૩૧ | ભાવનગર | ભાવનગર | રાજગઢ |
| ૩૨ | ભાવનગર | ઉમરાળા | રેવા |
| ૩૩ | ભાવનગર | મહુવા | નાના જાદરા |
| ૩૪ | બોટાદ | ગઢડા | પીપલીયા |
| ૩૫ | બોટાદ | બોટાદ | ઢાકણીયા |
| ૩૬ | બોટાદ | ગઢડા | સીતાપુર |
| ૩૭ | બોટાદ | બોટાદ | શીરવાણીયા |
| ૩૮ | બોટાદ | ગઢડા | જલાલપુર |
| ૩૯ | બોટાદ | ગઢડા | ઈતરીયા |
| ૪૦ | દેવભૂમિ દ્વારકા | ભાણવડ | ભેનકવડ |
| ૪૧ | દેવભૂમિ દ્વારકા | ખંભાળિયા | ભાતેલ |
| ૪૨ | દેવભૂમિ દ્વારકા | ઓખા-મંડળ | ગઢેચી |
| ૪૩ | ગીર સોમનાથ | ઉના | ગરાળ |
| ૪૪ | જામનગર | ધ્રોલ | ખેંગારકા |
| ૪૫ | કચ્છ | મુંદ્રા | મોટાકપાયા |
| ૪૬ | કચ્છ | ભુજ | જદુરા |
| ૪૭ | કચ્છ | નખત્રાણા | સાંયરા |
| ૪૮ | કચ્છ | ભુજ | મિસરીયાડો |
| ૪૯ | કચ્છ | અબડાસા | બાંડીયા |
| ૫૦ | કચ્છ | રાપર | ખારસાવાંઢ |
| ૫૧ | કચ્છ | ભુજ | સણોસરા |
| ૫૨ | કચ્છ | રાપર | કાનમેર |
| ૫૩ | કચ્છ | નખત્રાણા | કોટડા (રોહા) |
| ૫૪ | કચ્છ | મુંદ્રા | ગેલડા |
| ૫૫ | કચ્છ | નખત્રાણા | સાંગનારા |
| ૫૬ | કચ્છ | માંડવી | ફરાદી |
| ૫૭ | કચ્છ | અંજાર | અંજાર શહેર |
| ૫૮ | કચ્છ | ભુજ | મમુઆરા |
| ૫૯ | કચ્છ | ભુજ | હબાય |
| ૬૦ | કચ્છ | ભચાઉ | નરા |
| ૬૧ | કચ્છ | ગાંધીધામ | ગળપાદર |
| ૬૨ | કચ્છ | માંડવી | તલવાણા |

| | | | |
|---|---|---|---|
| ૬૩ | ખેડા | માતર | અસામલી |
| ૬૪ | મહેસાણા | ઉંઝા | ડાભી |
| ૬૫ | મહેસાણા | મહેસાણા | પઢારીયા |
| ૬૬ | મોરબી | માળીયા | ચીખલી |
| ૬૭ | મોરબી | વાંકાનેર | રસિકગઢ |
| ૬૮ | મોરબી | વાંકાનેર | ભા-જાબુડીયા |
| ૬૯ | મોરબી | વાંકાનેર | રૂપાવટી |
| ૭૦ | મોરબી | મોરબી | વળાલીયા |
| ૭૧ | મોરબી | હળવદ | પાંડાતીરથ |
| ૭૨ | મોરબી | મોરબી | પાનેલી |
| ૭૩ | પાટણ | સાંતલપુર | ઝંડાલા |
| ૭૪ | પાટણ | રાધનપુર | સુબાપુરા |
| ૭૫ | પાટણ | સરસ્વતી | વામૈયા |
| ૭૬ | પાટણ | સિધ્ધપુર | નાગવાસણ |
| ૭૭ | પોરબંદર | પોરબંદર | બળેજ |
| ૭૮ | પોરબંદર | પોરબંદર | ચીંગારીયા |
| ૭૯ | પોરબંદર | પોરબંદર | સિમાણી |
| ૮૦ | રાજકોટ | વીંછીયા | સનાળા |
| ૮૧ | રાજકોટ | કોટડા-સાંગાણી | મોટા-માંડવા |
| ૮૨ | રાજકોટ | વીંછીયા | દેવધરી |
| ૮૩ | રાજકોટ | ધોરાજી | હડમતીયા |
| ૮૪ | રાજકોટ | રાજકોટ | લોથડા |
| ૮૫ | રાજકોટ | રાજકોટ | હોડથલી |
| ૮૬ | સુરેન્દ્રનગર | લીંબડી | દેવપરા |
| | **આદિજાતિ વિસ્તાર** | | |
| ૧ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ચોકડી |
| ૨ | દાહોદ | દાહોદ | ખંગેલા |
| ૩ | દાહોદ | દાહોદ | બોરવાણી |
| ૪ | દાહોદ | દાહોદ | બોરખેડા |
| ૫ | દાહોદ | દાહોદ | ભાઠીવાડા |
| ૬ | દાહોદ | દાહોદ | રવાળી-ખેડા |
| ૭ | દાહોદ | દાહોદ | ખેંગ |
| ૮ | દાહોદ | ગરબાડા | નઢેલાવ |
| ૯ | દાહોદ | ગરબાડા | પાંદડી |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | દાહોદ | ફતેપુરા | ઢઢેલા |
| ૧૧ | દાહોદ | ફતેપુરા | ધુઘસ |
| ૧૨ | દાહોદ | ફતેપુરા | વાંદરીયાપુર્વ |
| ૧૩ | દાહોદ | ફતેપુરા | ચીખલી |
| ૧૪ | દાહોદ | સંજેલી | જસુણી |
| ૧૫ | દાહોદ | જાલોદ | ગરાડુ |
| ૧૬ | નર્મદા | ડેડિયાપાડા | માકણા-આંબા |
| ૧૭ | નર્મદા | ગરૂડેશ્વર | કેવડી (કુક) |

(કે.એમ.પુરોહિત)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ